## સ્વાવલંબનનું સુંદર દૃશ્ય : ખેરગામનો નાનો 'બાહુબલી'



ખેરગામ: ખેરગામના એક નાના ભૂલકાનો ફોટો આકર્ષણનું કેન્દ્ર બન્યો છે. બાળમંદિરમાં અભ્યાસ કરતો આ માસૂમ બાળક મેઘ જે રીતે પોતાના નાનકડા હાથોથી હેન્ડપમ્પ (ડંકી) ચલાવીને પાણી કાઢી રહ્યો છે, તે દૃશ્ય ખરેખર કુતૂહલ જગાડનારું છે. સામાન્ય રીતે જે ઉંમરે બાળકો રમકડાંથી રમતાં હોય છે, તે ઉંમરે આ બાળકની સ્ફૂર્તિ જોઈને ગ્રામજનો પણ આશ્ચર્યચકિત છે. ભારે ગણાતા હેન્ડપમ્પના હાથાને પૂરી તાકાત લગાવીને તે જે રીતે પાણી ખેંચી રહ્યો છે, તે તેની નિર્દોષતા અને સ્વાવલંબનનો સુંદર સમન્વય દર્શાવે છે. આ દૃશ્ય ગ્રામીણ જીવનની સાદગી અને બાળપણની જીવંતતાને ઉજાગર કરે છે. ડંકીની ફરતે જે ગોળ કિનાર બનાવી છે, એમાં પાણી જવાના માર્ગને તે નહેર તરીકે ઓળખાવે છે અને એ કયા માર્ગે પસાર થઈ ઝાડના મૂળ સુધી પહોંચે એ પણ સમજાવે છે. ખેડૂતનો દીકરો તે ખેડૂતનો. એટલે જ તો કહેવાયું છે કે મોરનાં ઈંડાંને ચીતરવા ન પડે.

## નવસારીમાં તાપમાન ૩૭ ડિગ્રી, બફારાથી પરેશાની

**ગરમીના** વધતા પ્રભાવને કારણે બપોર દરમિયાન શહેરના રસ્તાઓ પર લોકોની અવરજવર ઓછી થઈ ગઈ

નવસારી : નવસારી જિલ્લામાં ઉનાળાની અસર હવે સ્પષ્ટ રીતે દેખાવા લાગી છે. છેલ્લા કેટલાક દિવસોથી તાપમાનમાં સતત વધારો થતાં શહેરમાં ગરમીનો પ્રકોપ વધી રહ્યો છે. શનિવારે મહત્તમ તાપમાન ૩૭ ડિગ્રી સેલ્સિયસ સુધી પહોંચી જતા લોકોને ઉકળાટ અને બફારાનો સામનો કરવો પડી રહ્યો છે.

હવામાન વિભાગના આંકડા મુજબ, તાપમાનમાં રોજબરોજ વધારો નોંધાઈ રહ્યો છે. ગુરુવારે ૩૫ ડિગ્રી આસપાસ રહેલું તાપમાન શુક્રવારે વધીને ૩૬.૫ ડિગ્રી થયું હતું, જ્યારે શનિવારે તે વધુ વધીને ૩૭ ડિગ્રી સુધી પહોંચી ગયું છે. લઘુત્તમ તાપમાન ૨૪ ડિગ્રી નોંધાતા રાત્રે પણ ગરમીનો અહેસાસ યથાવત રહ્યો છે.

ઉત્તર-પશ્ચિમ તરફથી ફૂંકાતા ગરમ પવનોને કારણે બપોરના સમયે લૂ જેવી પરિસ્થિતિ સર્જાઈ રહી છે. સવારે ભેજનું પ્રમાણ ઊંચું હોવાથી ગરમી સાથે બફારો વધુ અનુભવાઈ રહ્યો છે, જ્યારે સાંજ સુધી ભેજ ઘટે છે પરંતુ ગરમીમાં ખાસ રાહત મળતી નથી. ગરમીના વધતા પ્રભાવને કારણે બપોર દરમિયાન શહેરના રસ્તાઓ પર લોકોની અવરજવર ઓછી થઈ ગઈ છે. આરોગ્ય તંત્રએ નાગરિકોને સીધા સૂર્યપ્રકાશથી બચવા, પૂરતું પાણી પીવાનું અને બહાર નીકળતી વખતે સાવચેતી રાખવાની સલાહ આપી છે.

### કપરાડા જેવા આદિવાસી વિસ્તારમાં પ્રચારમાં ડિજિટલ ક્રાંતિ

## ડોર ટુ ડોર નહીં સ્ક્રીન ટુ સ્ક્રીન મતદાર સુધી પહોંચવાના પ્રયાસ

**વોટ્સએપ** સહિત સોશિયલ મીડિયામાં માત્ર અને માત્ર ચૂંટણી સંલગ્ન ચર્ચા

વલસાડ : સ્થાનિક સ્વરાજની ચૂંટણીઓ આડે હવે માંડ એકાદ અઠવાડિયું બાકી રહ્યું હોય વલસાડ જિલ્લાના અંતરિયાળ કપરાડા તાલુકામાં દરેક પક્ષોના ઉમેદવારો પોતાના મત વિસ્તારોના દરેક ગામોમાં કે ડોર ટુ ડોર પ્રચાર કરવો અશક્ય જણાતા હવે સોશ્યિલ મીડિયા, ડીજીટલ પ્રચારનો આશરો લીધો છે. ઉમેદવારોએ પોતાના બેઠકનું ગ્રુપ બનાવી તેમાં પ્રચાર શરૂ કર્યો છે. મતદારોના ઘરે પહોંચવાના બદલે મતદારોના મોબાઇલ સ્ક્રીન ઉપર પહોંચી ચૂંટણી પ્રચાર કરી રહ્યા છે. અરે બુથ વાઇસ થયેલી બેઠકોના પણ રીલ બની પ્રચાર થઈ રહ્યો છે. એક રીતે હાલે તો વોટ્સએપ ગ્રુપો સહિતમાં માત્ર અને માત્ર ચૂંટણી સંલગ્ન ચર્ચાઓ, પ્રચાર પ્રસાર જોવા મળી રહ્યો છે. સત્તાધારી પક્ષ પોતાના વિકાસલક્ષી કામો ગણાવી રહ્યા છે, તો વિપક્ષો ભ્રષ્ટાચાર, સમસ્યાઓ, બિસ્માર માર્ગો, પાણીની સમસ્યાઓથી સત્તાધારી પક્ષને ઘેરી રહ્યા છે. વિશેષ કરી સત્તાધારી પક્ષો અને વિપક્ષ દ્વારા યુવાઓને આકર્ષવા ડિજિટલ પ્રચાર-પ્રસાર કરી રહ્યા છે.

### રીલ એડિટિંગ, શૂટિંગ કરતા ફોટોગ્રાફર્સની માંગ વધી ગઇ છે

હાલે રીલ એડિટિગ, શૂટિંગ કરતા ફોટોગ્રાફરોની કિંમત વધી ગઇ છે. ધીરેથી ચાલવું, બેક ગ્રાઉન્ડમાં પાવરફુલ સંગીત, વિશાળ જનમેદની વચ્ચે ઉમેદવારોની એન્ટ્રી, લકઝરી વાહનોમાં પ્રચાર સહિતને લઈ મતદારો ખરા અર્થમાં અવઢવમાં પડ્યા છે. સત્તાધારી પક્ષના ઉમેદવારો વિકાસની ચરમસીમા બતાવે છે, તો મતદાર વિચારે છે કે ક્યારે વિકાસ થયો, આજે પણ ડુંગરો ચઢી પાણી લેવું પડે છે, તો વિપક્ષ દ્વારા સમસ્યાઓના મારો ચલાવાઇ રહ્યો છે, તો સત્તાધારી પક્ષના ઉમેદવારો વિકાસ કર્યો તે ક્યાં ગયો તે અવઢવમાં પડ્યા છે.

### સમસ્યાઓની અને કામગીરીની રીલ મૂકવામાં આવી રહી છે

તાલુકામાં હાલે ચૂંટણી પ્રચારમાં સૌથી ચર્ચાનો મુદ્દો પીવાના પાણીની વિપુલ સમસ્યા, અસ્ટોલ યોજના, તૂટેલી આંગણવાડીઓ, માર્ગો સહિત અન્ય યોજનાઓમાં બિન ગુણવત્તાવાળા કામ, મહત્તમ ગામોમાં તાલુકા મથકને જોડતી બસ સેવાનો અભાવ સહિતના મુદ્દાઓ ઉભરીને બહાર આવી રહ્યા છે.

## દમણમાં દારૂની અછત સર્જાતા સુરતમાં પણ અસર

**ઓનલાઈન** પોર્ટલના ઇશ્યૂથી સપ્લાય ચેઈન ખોરવાઈ

સુરત : સંઘપ્રદેશ દાદરા નગર હવેલી અને દમણ-દીવમાં છેલ્લા કેટલાક દિવસોથી દારૂ અને બિયરની તીવ્ર અછત સર્જાઈ છે. આબકારી વિભાગના ઓનલાઈન પોર્ટલ પર લાયસન્સ રિન્યુઅલની પ્રક્રિયામાં થઈ રહેલા વિલંબને કારણે સમગ્ર પ્રદેશમાં સપ્લાય ચેઈન ખોરવાઈ ગઈ છે. આ વહીવટી વિલંબને કારણે પ્રવાસન ઉદ્યોગ અને સરકારી તિજોરીને કરોડો રૂપિયાનો ફટકો પડી રહ્યો છે. તો બીજી તરફ સંઘપ્રદેશની શોર્ટેજની અસર સુરતમાં પણ જોવા મળી રહી છે. હવે સુરત માટે અન્ય લાઈન શરુ થઈ છે પરંતુ તેમ છતાં તેની અસર જોવા મળી રહી છે

નવા નાણાકીય વર્ષ માટે લાયસન્સ રિન્યુઅલની પ્રક્રિયામાં ટેક્નિકલ ખામી અથવા વહીવટી શિથિલતાને કારણે અવરોધ ઊભો થયો છે. આબકારી વિભાગના ઓનલાઈન પોર્ટલ (IERMS) પર કામગીરી ઠપ્પ થતા ગોડાઉનથી રિટેલર સુધી માલ પહોંચાડવા માટે જરૂરી 'લોકલ ટ્રાન્સપોર્ટ પરમિટ' ઈશ્યૂ થઈ રહી નથી. પરિણામે, જથ્થાબંધ વેપારીઓ પાસે સ્ટોક હોવા છતાં તે રિટેલ આઉટલેટ્સ સુધી પહોંચી શકતો નથી. સુરતમાં મોટાપાયે દમણથી જ દારુ ઠાલવવામાં આવે છે. હવે ત્યાં જ સ્ટોક ખૂટી પડતા સુરતમાં પણ તેની અસર જોવા મળી રહી છે. આ ઉપરાંત હાલમાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીના કારણે પોલીસનું પણ ઠેર ઠેર ચેકિંગ ચાલી રહ્યું છે કારણે પણ કેટલાક બુટલેગરોએ હાલમાં ધંધો બંધ રાખવાનું મુનાસિબ માન્યું છે.

## વલસાડ ભાજપે 8 બળવાખોરોને 6 વર્ષ માટે સસ્પેન્ડ કરી દીધા

**શિસ્તભંગ** બદલ વલસાડ જિલ્લા ભાજપની કડક કાર્યવાહી

વલસાડ : સ્થાનિક સ્વરાજની ચૂંટણી 2026 ને આડે હવે ગણતરીના દિવસો બાકી છે, ત્યારે વલસાડ જિલ્લા ભારતીય જનતા પાર્ટી દ્વારા પક્ષ વિરોધી પ્રવૃત્તિ કરનારાઓ સામે લાલ આંખ કરવામાં આવી છે.

વલસાડ જિલ્લા ભાજપ પ્રમુખ હેમંત કંસારા દ્વારા આદેશ જારી કરીને જણાવવામાં આવ્યું છે કે, જે સભ્યોએ પક્ષના બંધારણ અને શિસ્તના નિયમોનો ભંગ કરી પક્ષ વિરુદ્ધ કૃત્ય કર્યું છે, તેઓનું પ્રાથમિક સભ્યપદ રદ કરવામાં આવે છે. આ આઠ પૈકી 7 ભાજપી ઉમરગામના અને એક પારડીના છે. જેના પરથી ઉમરગામમાં ભાજપમાં ભારે અસંતોષ થયો હોય એવું લાગી રહ્યું છે. જોકે બીજા તાલુકામાં ભાજપે પક્ષમાં વિરોધનો સૂર ઊઠવા દીધો ન હતો.

### સસ્પેન્ડ થયેલા કાર્યકરોની યાદી

» રમણ મોતીલાલ સુરતી (ઉમરગામ) ઉમરગામ નગરપાલિકાના વોર્ડ નં-4 માં પક્ષના ઉમેદવાર વિરુદ્ધ ઉમેદવારી નોંધાવવા બદલ. » નિલમબેન મિત્તલભાઈ પટેલ (નાના વાઘછીપા) પારડી તાલુકા પંચાયતની નાના વાઘછીપા બેઠક પર પક્ષના અધિકૃત ઉમેદવાર કિન્નરીબેન પટેલ વિરુદ્ધ ઉમેદવારી કરવા બદલ. » ઉદીત મહેશભાઈ સુકાની (ઉમરગામ) ઉમરગામ નગરપાલિકાના વોર્ડ નં-1 માં પક્ષ વિરોધી ઉમેદવારી કરવા બદલ. » સુનીલભાઈ પારવે (ઉમરગામ) ઉમરગામ નગરપાલિકાના વોર્ડ નં-6 માં બળવો કરવા બદલ. » દિલશેર ચૌહાણ (ઉમરગામ) ઉમરગામ નગરપાલિકાના વોર્ડ નં-6 માં પક્ષના ઉમેદવાર સામે ફોર્મ ભરવા બદલ. » દીપકભાઈ કામળી (ઉમરગામ) ઉમરગામ નગરપાલિકાના વોર્ડ નં-7 માં શિસ્તભંગ કરવા બદલ. » સંતોષભાઈ રમણભાઈ કામળી (સોલસુંબા) ઉમરગામ તાલુકા પંચાયતની સોલસુંબા-1 બેઠક પર પક્ષના ઉમેદવાર તેજારામભાઈ ચૌધરી વિરુદ્ધ ઉમેદવારી કરવા બદલ. » ઉષાબેન મહેશભાઈ મસીયા (ખતલવાડા) ઉમરગામ તાલુકા પંચાયતની ખતલવાડા બેઠક પર પક્ષના ઉમેદવાર કલ્પનાબેન હાડલ વિરુદ્ધ ઉમેદવારી કરવા બદલ.

## વાપી મહાનગર પાલિકાની પહેલી ચૂંટણીમાં નિરુત્સાહ

**ગરમીના** કારણે બપોરે 12થી સાંજે 5 સુધી તો પ્રચાર જ થઇ શકતો નથી

વાપી : વાપી મહાનગરપાલિકાની ચૂંટણીને લઈ મતદારોમાં જોઈએ તેટલો ઉત્સાહ દેખાતો નથી. બીજી તરફ પહેલી મહાનગપાલિકાની ચૂંટણી હોવાથી ઉમેદવારોમાં વધુ ઉત્સાહ દેખાઈ રહ્યો છે. હમણાં તો ઉમેદવારો તેમના સમર્થકો સાથે ડોર ટુ ડોર પ્રચારમાં વ્યસ્ત છે. જોકે બપોરે વધુ તડકો હોવાથી ઉમેદવારો માટે પ્રચારનો સમય ઓછો રહે છે. સવારે દસથી બાર અને સાંજે પાંચથી નવ વાગ્યા સુધી ઉમેદવારો પોતાના વોર્ડમાં ફરીને મતદારોને મત આપવા માટે આગ્રહ કરી રહ્યાં છે.

વાપી મહાપાલિકાની પહેલી ચૂંટણી હોવાથી ઉમેદવારો તેમજ પાર્ટીઓમાં સારો ઉત્સાહ દેખાઈ રહ્યો છે. વાપી મહાપાલિકાની 26 એપ્રિલે યોજાનારી ચૂંટણીમાં 13 વોર્ડની 51 બેઠકો માટે ચૂંટણી યોજાનાર છે.

આ ચૂંટણીમાં 120 ઉમેદવારો મેદાનમાં છે. જેમાં ભાજપના 51, કોંગ્રેસના 50, આમ આદમી પાર્ટીના 8 તેમજ અપક્ષ 7 તેમજ એએસપીના 4 ઉમેદવારો સામેલ છે. હમણાં તો ઉમેદવારો દરેક પોતાના વોર્ડમાં ઘરે જઈ મતદારોને મળવાનો ઉપક્રમ શરૂ કર્યો છે. આ ચૂંટણીની સૌથી વધુ રોચક કહી શકાય તેવી વાત એ છે કે નવા સિમાંકન બાદ વોર્ડની રચના થઈ હોવાથી દરેક વોર્ડમાં મોટાભાગના ઉમેદવારો નવા છે તે તો છે જ. પરંતુ વોર્ડમાં મતદારો પણ નવા છે. જોકે ભાજપ અને કોંગ્રેસમાં જૂના જોગી ઉમેદવારોની સંખ્યા ખૂબ ઓછી છે.

નવા ચહેરા વધુ છે. તેથી દરેક વોર્ડમાં પ્રચાર માટે ઉમેદવારો તેમજ તેમના સમર્થકો અને પાર્ટીના કાર્યકરો ફરી રહ્યાં છે.

### સોશિયલ મીડિયાનો ઉપયોગ વધી ગયો

વાપી મહાનગરપાલિકાની ચૂંટણીને હવે ખૂબ ઓછા દિવસો રહ્યાં છે ત્યારે મતદારો સુધી પહોંચવા માટે ઉમેદવારો તેમજ રાજકીય પાર્ટીઓએ સોશિયલ મીડિયાનો ઉપયોગ વધારી દીધો છે. સોશિયલ મીડિયામાં રીલ તેમજ વોટ્સએપ ઉપર પ્રચાર સામગ્રી મૂકીને મતદારો સુધી પહોંચવા માટે ઉમેદવારો સક્રિય થયા છે. એઆઈના માધ્યમથી પણ કેટલાક ઉમેદવારો પોતાના પ્રચારની સામગ્રી તૈયાર કરીને મતદારો સુધી પહોંચવા પ્રયાસ કરી રહ્યાં છે. કોઈ મોટી સભા કે પછી નાની સભા પણ જોવા મળતી નથી.

## નવસારીના વોર્ડ નંબર-12માં ચૂંટણી બહિષ્કારની ચીમકી

**"વિકાસ** નહીં તો મત નહીં": મહિલાઓનો વિદ્રોહ




નવસારી: ચૂંટણીની ગરમાવો વચ્ચે નવસારીના વોર્ડ નંબર 12માં સ્થાનિક રહીશો, ખાસ કરીને ગૃહિણીઓએ તંત્ર અને નેતાઓ સામે ખુલ્લો આક્રોશ વ્યક્ત કર્યો છે. વર્ષોથી મૂળભૂત સુવિધાઓના અભાવે પરેશાન બનેલા લોકો હવે "વિકાસ નહીં તો મત નહીં"ના નારા સાથે ચૂંટણી બહિષ્કારનો કડક સંદેશ આપી રહ્યા છે.

વિસ્તારની અનેક સોસાયટીઓમાંથી મહિલાઓ એકઠી થઈ રસ્તા પર ઉતરી આવી હતી અને પ્રદર્શન કરીને પોતાની વ્યથા વ્યક્ત કરી હતી. મહિલાઓનું કહેવું છે કે, ચૂંટણી સમયે વચનો આપનારા નેતાઓ જીત્યા બાદ વિસ્તાર તરફ વળીને પણ નથી જોતાં, જેના કારણે વર્ષોથી સમસ્યાઓ યથાવત છે. સ્થાનિક રહીશોએ જણાવ્યું કે, દર ચોમાસે સોસાયટીઓમાં પાણી ભરાઈ જવાથી સ્થિતિ અત્યંત ખરાબ બની જાય છે. બાળકો શાળાએ જઈ શકતા નથી અને રોજિંદુ જીવન મુશ્કેલ બની જાય છે. રસ્તાઓ બગડેલા છે, પેવર બ્લોકનું કામ અધૂરું છે અને ગટરો સતત ઉભરાતી હોવાથી વિસ્તારમાં દુર્ગંધ ફેલાય છે, જેના કારણે રોગચાળાનો ભય પણ વકરે છે.આક્રોશિત મહિલાઓએ સ્પષ્ટ કહી દીધું છે કે, હવે માત્ર આશ્વાસન નહીં પરંતુ કામ જોઈએ. જો તાત્કાલિક અસરથી રોડ, ગટર અને પાણીની સમસ્યાઓનું નિરાકરણ નહીં આવે, તો આ વખતે વોર્ડ-12માં એકપણ મત નહીં પડે. સ્થાનિકોમાં ઉગ્ર બનેલો આ વિરોધ આગામી ચૂંટણીમાં રાજકીય પક્ષો માટે મોટું પડકારરૂપ સાબિત થઈ શકે છે. હવે નજર તંત્ર પર છે કે લોકોના આક્રોશને શાંત કરવા માટે કયા તાત્કાલિક પગલાં લેવામાં આવે છે.

## નવસારીમાં કોંગ્રેસના ચૂંટણી કાર્યાલયને સીલ

**ગૌરીશંકર** મહોલ્લામાં મંજૂરી ન લેતા કાર્યવાહી

નવસારી : નવસારી મહાનગરપાલિકાની આગામી ચૂંટણીને પગલે શહેરમાં રાજકીય ગરમાવો જોવા મળી રહ્યો છે.

જલાલપોરના વોર્ડ નંબર 2 માં ગૌરીશંકર મહોલ્લામાં રામદેવપીર મંદિર પાસે કોંગ્રેસનું આ કાર્યાલય કાર્યરત હતું. સૂત્રો અનુસાર, આ કાર્યાલય કોઈપણ પૂર્વ મંજૂરી વગર શરૂ કરાયું હોવાની ફરિયાદ મામલતદાર કચેરીએ થઈ હતી. આ ફરિયાદના આધારે મામલતદારે મહાનગરપાલિકાના દબાણ વિભાગને તાત્કાલિક કાર્યવાહી કરવાનો આદેશ આપ્યો હતો. આ સમગ્ર મામલે નવસારી પ્રાંત અધિકારી જનમ ઠાકોરે નિયમોની સ્પષ્ટતા કરી હતી. તેમણે જણાવ્યું કે, કોઈપણ મતદાન મથકની 200 મીટરની અંદર કાર્યાલય ન હોવું જોઈએ અને 100 મીટરની ત્રિજ્યામાં પ્રચાર-પ્રસાર પર પ્રતિબંધ હોય છે. વોર્ડ નં. 2 ના કિસ્સામાં વહીવટી તંત્ર પાસેથી કોઈ પરવાનગી લેવાઈ ન હતી અને NMC એન્ફોર્સમેન્ટ ટીમ પહોંચી ત્યારે ત્યાં પરવાનગી વગર બેનરો લાગેલા હતા. મુખ્ય મુદ્દો એ હતો કે જાહેર રોડ પર દુકાનની આગળ મંડપ નાખીને આયોજન કરાયું હતું, જેની પરવાનગી આપી શકાય નહીં. ઉમેદવાર ખાનગી મિલકતમાં કાર્યાલય ખોલી શકે છે, પરંતુ તેના માટે 'સિંગલ વિન્ડો સિસ્ટમ' દ્વારા મંજૂરી લેવી અનિવાર્ય છે.

## અખાત્રીજે જ્વેલરીના ઓર્ડરોમાં 70% નો ઘટાડો

**દક્ષિણ** ગુજરાતના મધ્યમ વર્ગના પરિવારો ખરીદીથી અલિપ્ત

સુરતઃ હિન્દુ ધર્મમાં અખાત્રીજ (અક્ષય તૃતીયા) ના પવિત્ર પર્વને વણજોયું મુહૂર્ત ગણવામાં આવે છે, જેમાં સોના-ચાંદીની ખરીદી કરવી અત્યંત શુભ અને સમૃદ્ધિદાયક મનાય છે. જોકે, આ વર્ષે સોનાના ભાવમાં થયેલા તોતિંગ વધારાએ સુરતના જ્વેલરી માર્કેટ અને મધ્યમ વર્ગના ઉત્સાહ પર પાણી ફેરવી દીધું છે.

સામાન્ય રીતે અખાત્રીજના અઠવાડિયા પહેલા જ લોકો પરિવાર માટે ઘરેણાં કે પૂજા માટે સોનાના સિક્કાના ઓર્ડર બુક કરાવી દેતા હોય છે, પરંતુ આ વર્ષે સ્થિતિ તદ્દન ઉલટી જોવા મળી રહી છે. જ્વેલર્સના જણાવ્યા અનુસાર, ગત વર્ષની સરખામણીએ આ વખતે એડવાન્સ બુકિંગ અને ઓર્ડરોમાં 70% જેટલો ધરખમ ઘટાડો નોંધાયો છે. મધ્યમ વર્ગના પરિવારો જેઓ પરંપરાગત રીતે આ દિવસે સોનું ખરીદતા હતા.

## ડાંગના મજૂરોએ સુગર ફેક્ટરીઓ સામે બાંયો ચડાવી


**ચૂંટણી** બહિષ્કારનું એલ્ટિમેટમ

સુરત : ડાંગ જિલ્લામાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીના માહોલ વચ્ચે આદિવાસી મજૂરોના બાકી વેતન અને શોષણનો મુદ્દો ગરમાયો છે. 'ભારત આદિવાસી સંવિધાન સેના' અને 'મજૂર અધિકાર મંચ' દ્વારા મહુવા અને વ્યારા સુગર ફેક્ટરીના મેનેજમેન્ટ સામે કડક વલણ અપનાવી આખરી એલ્ટીમેટમ જાહેર કરવામાં આવ્યું છે. મજૂર સંગઠનોએ ચીમકી આપી છે કે જો 24 કલાકમાં વેતનની ચુકવણી નહીં થાય, તો સમગ્ર જિલ્લામાં "ચૂંટણી બહિષ્કાર" કરવામાં આવશે.

સંગઠનોના જણાવ્યા અનુસાર, જિલ્લાના હજારો આદિવાસી મજૂરોએ વર્ષભર સખત પરિશ્રમ કર્યો હોવા છતાં, સીઝન પૂર્ણ થયા પછી પણ તેમને હકનું વેતન મળ્યું નથી. મજૂરોએ આક્ષેપ કર્યો છે કે ફેક્ટરી સંચાલકો દ્વારા સતત ખોટા આશ્વાસનો આપવામાં આવી રહ્યા છે, જેના કારણે તેમની આર્થિક સ્થિતિ અત્યંત કફોડી બની છે. એક તરફ સરકાર વિકાસના દાવા કરી રહી છે, ત્યારે બીજી તરફ શ્રમિકોને પાયાના હક માટે રસ્તા પર ઉતરવાની નોબત આવી છે. મજૂરોનું આર્થિક શોષણ કરનાર જવાબદાર અધિકારીઓ સામે કાયદેસરની કાર્યવાહી કરી તેમની ધરપકડ કરવામાં આવે. આંદોલનકારીઓએ સ્પષ્ટ કર્યું છે કે જો 24 કલાકમાં સકારાત્મક નિર્ણય લેવામાં નહીં આવે, તો ડાંગમાં "પેમેન્ટ નહીં તો વોટ નહીં"ના સૂત્ર સાથે ઉગ્ર આંદોલન છેડવામાં આવશે. આ અંતર્ગત ગામડાઓમાં કોઈપણ રાજકીય પક્ષ કે ઉમેદવારના પ્રવેશ પર પ્રતિબંધ મૂકવાની પણ તૈયારી દર્શાવી છે.

## વાતાવરણને લીધે કેસર કેરીને નુકસાન

**એપ્રિલના** અંતમાં કેરીના ભાવ ગગડવાની શક્યતા દર્શાવતા વેપારી



સુરત : દક્ષિણ ગુજરાતમાં નવસારીથી લઈને ઉમરગામ સુધી કેરીની વાડીઓ જોવા મળે છે. જો કે, આ વખતે કેરીના પાક ઉપર વાતાવરણની અસર થઈ છે, સામાન્ય રીતે છેલ્લા કેટલાક વર્ષોમાં શરૂઆતમાં ફ્લાવરિંગમાં નર ફૂલ વધારે આવતા હોવાથી બેસાણ ઓછું આવે છે. જ્યારે પાછળથી ફ્લાવરિંગ આવે એમાં બેસાણ જોવા મળે છે પણ આ વખતે વાતાવરણની અસર ગરમીના કારણે એમાં પણ ડ્રોપિંગ વધારે આવતા પાકના ઉત્પાદન ઉપર અસર થઈ છે. ખાસ કરીને કેસર જેવી જાતમાં આ અસર જોવા મળે છે.

કેરીના બહોળા ઉત્પાદન માટે દક્ષિણ ગુજરાતમાં આ વર્ષે આંબા પર કેરીનો પાક તૈયાર થતા પ્રથમ ફાલની કેરી માર્કેટમાં આવવાની શરૂઆત થઈ ગઈ છે. હાલ માર્કેટયાર્ડમાં મર્યાદિત માત્રામાં કેરી આવી રહી હોવા છતાં વેપારીઓ અને ખેડૂતોમાં સિઝનની શરૂઆતને લઈ ઉત્સાહ જોવા મળી રહ્યો છે. દક્ષિણ ગુજરાતની જુદી જુદી એપીએમસીના વેપારીઓના જણાવ્યા મુજબ આગામી દિવસોમાં તાપમાનમાં વધારો અને પાક પૂર્ણપણે તૈયાર થતા આવકમાં નોંધપાત્ર વધારો થશે. ખાસ કરીને 25 એપ્રિલ પછી અથવા મે મહિનાની શરૂઆતથી માર્કેટયાર્ડમાં કેરીની નિયમિત અને મોટા પાયે આવક શરૂ થશે, જેના કારણે બજાર ધમધમતું બનશે.

જોકે આ વર્ષે કેરીનો પાક ખેડૂત અને વેપારીઓની જાણકારી મુજબ ઓછો છે. હાલની સ્થિતિ પ્રમાણે સિઝનની શરૂઆત સકારાત્મક રહી છે અને જો હવામાન અનુકૂળ રહેશે તો કેરીના વેપારમાં મે અને જૂન મહિનામાં તેજી જોવા મળશે તેવી આશા વેપારીઓ અને ખેડૂતો દ્વારા વ્યક્ત કરવામાં આવી રહી છે. ગત વર્ષે કુદરતી પરિસ્થિતિઓને કારણે કેરીના પાકમાં નુકસાન થતા આ વર્ષે ખેડૂતો વાડીમાં કેરીના પાકના વેચાણમાં અને પરપ્રાંતીય વેપારીઓ આંબાવાડીમાં પાકની ખરીદીમાં વધુ સાવચેતી રાખી રહ્યાં છે. આંબાવાડીમાં પાકની જાળવણી, યોગ્ય સમયે તોડણી અને ગુણવત્તા જળવાઈ રહે તે માટે ખાસ ધ્યાન આપવામાં આવી રહ્યું છે.